सत्यमेव जयते

GJJN020029702024	દાવા પ્રાપ્તિ તારીખ :	૧૮/૦૪/૨૦૨૪
	દાવા દાખલ તારીખ :	૧૮/૦૪/૨૦૨૪
	દાવા નિર્ણિત તારીખ :	૨૯/૦૬/૨૦૨૬
	અવધિ :	વર્ષ: ૦૨, મહીના: ૦૨ , દિવસ:૧૧

જૂનાગઢના અધિક સિવિલ જજશ્રીની અદાલત સમક્ષ,
મું. જૂનાગઢ.

<u>રેગ્યુલર દિવાની મુકદમા નં.૮૪/૨૦૨૪.</u>
આંક :–

વાદી :– **સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (સર્કલ ચોક બ્રાંચ),**
જુનાગઢ શાખાના મેનેજર,
સર્કલ ચોક, જુનાગઢ

<u>વિરૂધ્ધ.</u>

પ્રતિવાદી:– **ગુજ.પ્રતાપભાઈ ઉર્ફે પ્રતાપસિંગ દેવીરામ ચૌહાણના વારસ :**
દીપક પ્રતાપસિંગ ઉર્ફે પ્રતાપભાઈ ચૌહાણ,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : નોકરી,
રહે. બ્લોક નં.૬૧/૬૨, માતૃકુપા, તક્ષશીલા
સોસાયટી, ટીંબાવાડી, જુનાગઢ.

દાવો :– **<u>દાવો રૂા.૨,૧૩,૪૪૩/–વસુલ મળવા અંગે...</u>**

વાદી તરફે વિ.વકીલ શ્રી એન.એન.કારીયા
પ્રતિવાદી સામે એકતરફી.

-:: ઠ રા વ :-

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત:

૧.૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા તે ધ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા એકટ ૧૯૫૫ અન્વયે રચાયેલી એક રાષ્ટ્રીયકૃત બેન્ક છે જેની સ્થાનીક મુખ્ય કચેરી અમદાવાદ મુકામે આવેલ છે અને અને ભારતભરમાં તેમજ વિદેશોમાં શાખાઓ આવેલી છે જે પૈકી એક શાખા જુનાગઢમાં સર્કલ ચોક ખાતે આવેલ છે અને તે શાખાની લોનની દેખરેખ તથા રીકવરીની કાર્યવાહી સર્કલ ચોક બેંકના મેનેજર કરે છે. આ દાવો સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા સર્કલ ચોક જુનાગઢનાં અધિકૃત અધિકારી દ્વારા લાવવામાં આવેલ છે. વધુમાં વાદી બેન્ક જુનાગઢ અને તેની આજુબાજુનાં વિસ્તારોમાં ઉધોગો, વેપાર, ધંધા, મકાન, કાર તેમજ નાગરીકોની જરૂરીયાત મુજબ લોન આપવાની કામગીરી તેના બેન્કીંગ વ્યવસાયની ભાગરૂપે કરે છે. વાદીનાઓના કથન મુજબ આ કામનાં પ્રતિવાદીએ, વાદી પાસેથી પર્સનલ લોન માટે ની માંગણી કરેલ. આ કામનાં પ્રતિવાદીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા જુનાગઢની સર્કલ ચોક બ્રાંચમાંથી ખાતા નં.૩૯૪૨૫૬૬૧૬૧૯૯ તા.૨૦/૬/૨૦૧૦ ના રોજ રૂા.૨,૬૦,૦૦૦/-ની લોન લીધેલ અને પ્રતિવાદીએ બેંકનાં મેનેજર ની રૂબરૂમાં આ અંગેનાં તમામ દસ્તાવેજોમાં સહી સિક્કા કરેલા. વધુમાં સદરહું લોનની રકમ મેળવ્યા બાદ પ્રતિવાદીએ કરાર મુજબ ચડત વ્યાજ સહિત તેમજ રીઝવ બેંક વખતોવખત નકકી કરે તે મુજબ વ્યાજની રકમ અસીલ બેંકને ભરપાઈ કરવાની હતી જે વ્યાજ સહિત નિયમ સમય મર્યાદામાં ભરપાઈ કરેલ નથી તેમજ બેંકના નિયમ મુજબ કોઈ કાર્યવાહી કરેલ નથી. આથી પ્રતિવાદી સામે ઉપરોકત લેણી રકમ વસુલ મેળવવા વાદી બેંક હકકદાર છે. પ્રતિવાદીએ ઉપરોકત વિગતની રકમ વસુલ નહિ આપતા હોવાથી વાદી બેંકં કરાર મુજબની વ્યાજની નુકસાની થઈ રહી છે. કરાર અનુસાર અને પ્રવર્તમાન દર અનુસાર વાર્ષિક વ્યાજ સહિત ભરપાઈ કરવાની શરતે વાદી બેંકને પ્રતિવાદી વ્યાજ આપવા માટે બંધાયેલ છે. વાદીનાએ જણાવેલ કે આ કામમાં પ્રતિવાદીને અનેક વખત ટેલીકોનીક, રૂબરૂ, વ્યાજ તેમજ ચડત હપ્તાની રકમ ભરપાઈ કરી જવા જણાવેલ તેમ છતાં પણ પ્રતિવાદીએ બેંકની બાકી રકમ નહી ભરતા સદરહું

દાવો દાખલ કરવા ફરજ પડેલ છે. વાદીનાઓના કથન મુજબ તેઓએ પ્રતિવાદીનાઓને, વકીલ મારફત તા.૨૩/૩/૨૦૨૪ નાં રોજ નોટીસ આપેલ છે તથા આ કામના પ્રતિવાદીનાઓ સાથે તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીનો વ્યવહાર થયેલ હોય જેથી હાલની દાવા અરજી પર સમયમર્યાદાનો બાધ નડતો નથી.

૧.૨) વાદીએ નીચે મુજબની દાદ માંગેલ છે :

હાલનો દાવો લાવી વાદીએ દાદ માંગેલ છે કે (અ) ઉપરોકત દાવા અરજીમાં જણાવ્યા મુજબ રૂા.૨,૧૩,૪૪૩/- તથા તેના પર ચડત વ્યાજ આ કામના પ્રતિવાદીની સ્થાવર જંગમ મીલ્કત ઉપરથી વસુલ અપાવવા તથા (બ) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા તેમજ (ક) બીજી મળી શકતી તથા અપાવી શકાતી તમામ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) કાયદાકીય કાર્યવાહી:

દાવો દાખલ થતા, દાવાનો સમન્સ આ કામના પ્રતિવાદીને કરવામાં આવેલ પરંતુ સદર સમન્સ વગર બજે પરત આવતા વાદી તરફે આંક-૬ ની અરજી અન્વયે જાહેર સમન્સ કરવાની અરજી તળે થયેલ અને સદરહુ હુકમ મુજબ આંક-૨૬ અન્વયે સંદેશ ન્યુઝ પેપરમાં જાહેર સમન્સ કરવામાં આવેલ તેમ છતાં પ્રતિવાદી જાતે કે વકીલ મારફત હાજર થયેલ નથી કે કોઈ જવાબ રજૂ કરેલ નથી કે કોઈ રજૂઆત કરેલ નથી. ત્યારબાદ વાદી પક્ષ તરફે પ્રતિવાદી સામેની કાર્યવાહી એકતરફી ચલાવવા માટે આંક-૯ થી અરજી આપતા તે અરજી લગત મારા પુરોગામી સાહેબશ્રીએ સદરહુ દાવાને એકતરફી ચલાવવાનો હુકમ કરેલ છે.

(૩) રજુ થયેલ પુરાવા:

૩.૧) સદર કામે વાદી તરફથી દાવાના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

ક્રમ	સાહેદ	આંક
૧	વાદી તરફે સાહેદ બિમલ રાજ સિંઘની સરતપાસનું સોગંદનામું	૧૨
૨	વાદી તરફે સાહેદ પિયુષ સૈનીની વિશેષ સરતપાસ નું સોગંદનામું	૩૬

(૩.૨) સદર કામે વાદી તરફથી દાવાના સમર્થનમાં નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

ક્રમ	દસ્તાવેજની વિગત	આંક
૧	ઓથોરીટી લેટર	૧૫
૨	એપ્લીકેશન કમ ઓથોરીટી લેટર	૧૬
૩	એપ્રુવલ કમ સેકશન રીપોર્ટ	૧૭
૪	ડી.પી.નોટ	૧૮
૫	એરેન્જમેન્ટ લેટર	૧૯
૬	પેન્શન ઓથોરીટીને જાણ કરતો પત્ર	૨૦
૭	પોસ્ટ ખાતાની રજી.એડી.ની વીન્ડો સ્લીપ	૨૧
૮	પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ	૨૨
૯	નોટીસ બજયાની રજી.એડીની એકનોલેજમેન્ટ	૨૩
૧૦	પ્રતિવાદીના લોન ખાતાનુ સ્ટેટમેન્ટ	૨૪
૧૧	સંદેશ દૈનિકમાં આપેલ જાહેર સમન્સ	૨૬
૧૨	પ્રતાપભાઈનુ મરણ સર્ટીફીકેટ	૨૭
૧૩	પન્નાબેનનુ મરણ સર્ટીફીકેટ	૨૮
૧૪	પેન્શન ઓથોરીટીને જાણ કરતો પત્ર	૩૩

૧૫	વારસા નિયુકિત ફોર્મ–એ	૩૪
૧૬	ઓથોરીટી લેટર	૩૫

(૪) દલીલો:

ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી રજૂ રાખ્યા બાદ વાદી કંપની ધ્વારા આંક–૨૪ થી પોતાનો પુરાવો પુરો થયાની પુરસીસ રજૂ રાખેલ છે. સદરહુ દાવાના કારણે એકતરફી ચલાવવાનો હુકમ થયા બાદ પ્રતિવાદીનાઓ તરફે કોઈપણ હાજર રહેલ નથી કે તેઓ તરફે કોઈપણ અરજી કે રજુઆત કરવામાં આવેલ નથી. ત્યારબાદ વાદી તરફે વિ.વ.ની દલીલો સાંભળવા માં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ કે,વાદીએ દાવા અરજીના સમર્થનમાં તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે જેને પ્રતિવાદી તરફથી પડકારવામાં આવેલ નથી. આમ, વાદીએ તેઓના દાવા અરજી મંજુર કરવાની વિનંતી કરેલ છે.

(૫) મુદાઓ :

સદરહુ દાવાના ન્યાયિક નિર્ણય સારૂં આંક–૭ થી નીચે મુજબના મુદાઓ મુકરર કરવામાં આવેલ છે.

//ISSUES//

1. *Whether the plaintiff proves that he is entitled to recover Rs.2,13,443/- from Defendant ?*
2. *Whether the plaintiff proves that he is entitled to recover the interest over the said amount ? If yes, at what rate?*
3. *What order and decree ?*

(૬) મુદ્દાઓ પર નિર્ણય:

મુદા નં.૧ : હકારમાં.

મુદા નં.૨ : હકારમાં, આખરી હુકમ મુજબ

મુદા નં.૩ : આખરી હુકમ મુજબ.

(૭) સ્વીકારેલી હકીકતો:

સદરહું દાવાના કામે પ્રતિવાદીનાઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી અને તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ કોઈ જવાબ પણ રજુ રાખેલ નથી. આમ, હાલના દાવાના કામે કોઈ પણ વિગતો સ્વીકાર કરવામાં આવેલ હોય, તેવુ બનેલ નથી.

(૮) રજુ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન અને કારણો

<u>મુદ્દા નં. ૧ અને ૨ ની સંયુકત ચર્ચા :–</u>

(૮.૧) મુદા નં.૧ (શું વાદી પુરવાર કરે છે કે વાદીનાઓ દાવામાં જણાવેલ રકમ મેળવવા હકકદાર છે કે કેમ ?) અને મુદા નં.ર (શું વાદી પુરવાર કરે છે કે વાદીનાઓ દાવામાં જણાવેલ રકમ પર વ્યાજ મેળવવા હકકદાર છે કે કેમ ?) એકબીજાથી પરસ્પર સંકળાયેલ હોય, વિગતોને પુનરાવર્તન ટાળવા સદરહું મુદાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે. પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવે તો દિવાની દાવાઓમાં વાદીઓને માત્ર સંભવિતતાની પ્રાધાન્યતાના માપદંડ પર પોતાનો કેસ સ્થાપિત કરવાનો હોય છે. આ સિવાય, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ની કલમ–ર ધ્યાને લેવામાં આવે તો કોઈ હકીકત સાબિત થઈ હોવાનું ત્યારે કહેવાય છે જયારે કોર્ટ તે હકીકતને અસ્તિત્વમાં હોવાનું માને છે અથવા તો તે હકીકતના અસ્તિત્વને એટલી સંભવિત માને કે કોઈ પણ વિવેકપુર્ણ માણસે, તે સંજોગોમાં તે હકીકતોને અસ્તિત્વમાં માની, તે ધારણા પર કાર્ય કરે. હકીકતના અસ્તિત્વ અંગેની માન્યતા આમ સંભાવનાઓના સંતુલન પર આધારિત હોય શકે છે. અદાલતે વિરોધાભાસી સંભાવનાઓની તુલ્નાત્મક સરખામણી કરીને નિર્ણયક કરવો પડશે કે શું પ્રાધાન્યતા વાદી ધ્વારા દાવો કરાયેલ હકીકતની તરફેણમાં છે કે કેમ? આમ, જો વાદીના પુરાવા પ્રતિવાદીના પુરાવા કરતા વધારે ભાર ધરાવતા હોય અને અદાલતને પ્રતિવાદીના પુરાવા કરતા તે વધુ સંભવિત અને સાચા

હોવાનું જણાઈ આવે તો એવું માની શકાય કે વાદીએ સંભવિતતાના અગ્રતા દ્વારા તેનો કેસ સાબિત કર્યો છે.

ઉપરોકત કાયદાકીય પ્રસ્થાપિત મુલ્યાંકનની પૃષ્ઠભુમિમાં હાલના દાવામાં રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલના દાવામાં વાદી તરફે બિમલ રાજ સિંઘનુ આંક–૧૨ થી તેઓનુ સરતપાસનું સોગંદનામું તથા પીયુષ સોનીનુ આંક–૩૬ થી તેઓનુ વિશેષ સરતપાસ નુ સોગંદનામું રજૂ કરેલ છે જેમાં તેઓએ દાવા અરજી મુજબ અક્ષરશ: હકીકત જણાવેલ છે. વાદીનાએ પોતાના સોગંદનામામા જણાવેલ કે, પ્રતિવાદીએ તેઓની બેંકમાંથી રૂા.૨,૬૦,૦૦૦/– ની લોન ૧૧.૦૫% વ્યાજના દરે લીધેલ હતી તથા તે લોનને લગત તમામ દસ્તાવેજોમાં બેંક ના મેનેજર રૂબરૂ સહી કરી આપેલ હતી પરંતુ ત્યારબાદ પ્રતિવાદીએ તેઓ વચ્ચે થયેલ કરાર મુજબ ચડત વ્યાજ સહીતની લોનની રકમ સમય મર્યાદામાં ભરપાઈ ન કરતા વાદી દ્વારા તેઓને અનેક વખતે ટેલીફોનીક, રૂબરૂ તેમજ લીગલ નોટીસ આપી સદર રકમ ભરપાઈ કરવા જણાવેલ હોવા છતા પ્રતિવાદીએ સદર રકમ વાદી બેંકમાં ભરેલ નથી. વાદી સાહેદે તેના મૌખિક પુરાવાના સમર્થનમાં આંક–૧૫ થી ૨૪ તથા આંક–૨૫ થી ૨૮ સુધીના દસ્તાવેજી આધાર પુરાવા રજૂ રાખેલ છે.

(૮.૨) વાદી તરફે આંક–૧૬ થી આંક–૨૦ ના દસ્તાવેજો વંચાણે લેતા, આ કામે ગુજરનાર પ્રતાપભાઈ ઉર્ફે પ્રતાપસિંગ દેવીરામ ચૌહાણ ગુજરાત સરકારશ્રીના પેન્શનર હોય તેઓએ પેન્શનરો માટેની લોન સ્કીમ અંતર્ગત વાદી બેંક પાસેથી રૂા.૨,૬૦,૦૦૦/– ની લોન માટે અરજી કરતા વાદી બેંક દ્વારા તેઓની લોન એપ્રુવલ કરવામાં આવેલ તથા ગુજરનાર પ્રતાપભાઈ ઉર્ફે પ્રતાપસિંગ દેવીરામ ચૌહાણે લીધેલ લોનના ગેરંટર તરીકે તેમના પત્ની પન્નાબેન પ્રતાપસિંહ ચૌહાણ રહેલા હતા. વધુમાં આંક–૨૪ થી ગુજરનાર પ્રતાપભાઈ ઉર્ફે પ્રતાપસિંગ દેવીરામ ચૌહાણે લીધેલ લોનનુ સ્ટેટમેન્ટ વંચાણે લેતા, તેમાં તેઓ

દ્વારા લીધેલ લોન એકાઉન્ટમાં થયેલ તા.૨૦/૬/૨૦૨૦ થી તા.૮/૪/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન થયેલા વ્યવહારો જોવા મળે છે તથા ત્યારબાદ રૂા.૨,૧૩,૪૪૩/- બાકી લોનની રકમ હોવાનુ જણાઈ આવે છે. સદરહુ ખાતાના ઉતારાને ધ્યાને લેતા ગુજરનાર પ્રતાપભાઈનાઓ થકી તા.૦૨/૦૭/૨૦૨૧ નારોજ સુધી રકમ જમા કરાવવામાં આવેલ હોવાનુ અને ત્યારબાદ કોઈપણ રકમ જમા થયેલ ના હોવાનુ રેકોર્ડ પર આવેલ છે. આ સિવાય, વાદી તરફે રજુ આંક-૨૭ તથા આંક-૨૮ ના મરણ પ્રમાણપત્રો વંચાણે લેતા, ગુજરનાર પ્રતાપભાઈ ઉર્ફે પ્રતાપસિંગ દેવીરામ ચૌહાણનુ તા.૨/૬/૨૦૨૧ ના રોજ તથા તેઓના પત્ની તથા લોનના ગેરંટર પન્નાબેનનુ તા.૧૫/૭/૨૦૨૧ ના રોજ અવસાન થયેલ હોવાનુ જણાઈ આવે છે જયારે આંક-૩૪ થી રજુ વારસા નિયુકિતનુ ફોર્મ-એ લક્ષમાં લેતા, પેન્શનર ગુજરનાર પ્રતાપભાઈ ઉર્ફે પ્રતાપસિંગ દેવીરામ ચૌહાણના પ્રથમ વારસ તરીકે તેઓના પત્ની પન્નાબેન તથા પ્રથમ વારસના અવસાન બાદ તેઓના પુત્ર એટલે કે હાલના પ્રતિવાદી દીપકભાઈ વારસ તરીકે નિયુકત થયેલ હોવાનુ નીકળી આવે છે. વધુમાં વાદીના જણાવ્યા મુજબ તેઓ દ્વારા આંક-૨૨ ની લીગલ નોટીસ તેઓના વકીલશ્રી મારફતે પ્રતિવાદીને લોનની બાકી રકમ ભરપાઈ કરવા માટે આપેલ જે લીગલ નોટીસ આંક-૨૩ ની એકનોલેજમેન્ટ મુજબ પ્રતિવાદીને બજી ગયેલ હોવાનુ જણાઈ આવે છે તેમ છતા પ્રતિવાદી દ્વારા બાકી લોનની રકમ વારસ દરજજે ભરપાઈ કરવામાં આવેલ ના હોવાનુ રેકોર્ડ પર આવેલ છે. આ કામે વાદીનાઓએ ઉપરોકત તમામ દસ્તાવેજોનુ વર્ણન પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં પણ કરેલ છે જેને પ્રતિવાદીનાઓ તરફે પડકારવામાં આવેલ નથી. આમ, વાદી તરફથી રજૂ થયેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવો વાદીના દાવાને તથા વાદી સાહેદે આપેલ જુબાનીને સ્પષ્ટપણે સમર્થન આપે છે.

વધુમાં, પ્રતિવાદી તરફે વાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી કે કોઈ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા પણ આ કામે રજુ કરેલા નથી. પ્રતિવાદીનાઓ દવારા વાદીના કેસથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી કે ખંડન કરી શકેલ નથી. આમ, વાદીનાઓ દવારા રજુ રાખવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ સામે કોઈ પ્રતિકુળ નિષ્કર્ષ કાઢવાનો કોઈ કારણ રહેતુ નથી.

વાદી તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા જોતા એ હકીકત પુરવાર થાય છે કે, આ કામે ગુજરનાર પ્રતાપભાઈ ઉર્ફે પ્રતાપસિંગ દેવીરામ ચૌહાણ ગુજરાત સરકારશ્રીના પેન્શનર હોય તેઓએ પેન્શનરો માટેની લોન સ્કીમ અંતર્ગત વાદી બેંક પાસેથી રૂા.૨,૬૦,૦૦૦/– ની લોન લીધેલ હતી જે લોન તેઓએ લીધા બાદ તા.૨૦/૬/૨૦૨૦ થી તા.૦૨/૦૭/૨૦૨૧ સુધીમાં કરાર મુજબ હપ્તાથી ભરપાઈ કરેલ હતી પરંતુ ત્યારબાદ સદર લોન ભરપાઈ કરેલ નથી જેથી હાલના પ્રતિવાદી તેઓના પુત્ર તથા વારસ દરજ્જે વાદી બેંકની બાકી રહેલ લોનની રકમ રૂા.૨,૧૩,૪૪૩/– ભરપાઈ કરવા જવાબદાર થતા હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે. વધુમાં, સદરહું દાવામા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેવામાં આવે તો સદરહું દાવો સમયમર્યાદામાં દાખલ થયેલ હોવાનું પણ અત્રેની કોર્ટના રેકર્ડ પર સ્પષ્ટપણે જણાય આવે છે. ઉપરોકત વિગતો ધ્યાને લેતા મુદા નં૧ નો જવાબ **“હકાર”** માં ઠરાવવામા આવે છે.

(૮.૩) આ સિવાય, વાદીનાએ પોતાની દાવા અરજીમાં વાદી પ્રતિવાદી પાસેથી લેવાની નિકળતી રકમ પર ચડત વ્યાજ મેળવવાની માંગણી પણ કરેલ છે. વાદીનાએ પોતાની દાવા અરજી સાથે અત્રેની કોર્ટ સમક્ષ આંક–૨૪ થી પ્રતિવાદીના લોન એકાઉન્ટનુ સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે અને તે મુજબ તેમજ દાવા અરજી મુજબ પ્રતિવાદી પાસેથી કુલ રૂા.૨,૧૩,૪૪૩/– મેળવવાની દાદ માંગેલ છે. અત્રે નોંધનીય છે કે, હાલના કામે વાદીએ પ્રતિવાદી પાસેથી ચડત વ્યાજની

રકમની માંગણી કરેલ છે પરંતુ આવા વ્યાજની કોઈ ગણતરી કે કયા આધારે સદર માસિક વ્યાજ સાથે ચડત વ્યાજની માંગણી કરવામા આવેલ છે તે અંગેનો કોઈ આધાર પુરાવો વાદીએ હાલના કામે રજુ કરેલો નથી. વધુમાં, નોંધનીય છે કે સદરહુ ચડત વ્યાજ કેટલા ટકે તેઓ મેળવવા પાત્ર છે તેની કોઈ વિગત વાદીનાઓ તરફે જણાવવામાં આવેલ નથી અને સદરહુ ચડત વ્યાજની કોઈ ગણતરી પણ વાદીનાઓ તરફે કરવામાં આવેલ નથી. આમ, વાદીનાઓની ઉપરોકત દાદને ગ્રાહય રાખી શકાય, તેમ નથી. આ તબકકે વ્યાજ સંબંધે દિવાની કાર્યરીતી સંહિતા, ૧૯૦૮ની કલમ ૩૪ ધ્યાને લેવી જરૂરી જણાય આવે છે જેમા નીચે મુજબની જોગવાઈઓ આપવામાં આવેલ છે :

"ક.૩૪ વ્યાજ

(૧) જયારે અને જેટલી હદ સુધી હુકમનામું નાણાં ચુકવવા માટેનું હોય ત્યાં અદાલતને વ્યાજબી લાગે તે દરથી નકકી થયેલી મુદ્દલ રકમ ઉપર દાવો થયાની તારીખથી હુકમનામાની તારીખ સુધીનાં વ્યાજનો હુકમ તથા મુદ્દલ રકમ ઉપર દાવો દાખલ થયા પહેલાનું ચઢેલું વ્યાજ તે ઉપરાંત આપવાનો હુકમ હુકમનામાં થી કરી શકે અને તે ઉપરાંત અદાલતને આ મુદ્દલ ઉપર વ્યાજબી લાગે તેટલું ૬ ટકાથી વધુ ન હોય એટલું વ્યાજ હુકમનામાની તારીખથી તેના ચુકવણાંની તારીખ સુધીનું અથવા અદાલતને ઉચિત લાગે તે પહેલાંની તારીખ સુધીનું વ્યાજ આપવાનો પણ હુકમ કરી શકે.

પરંતુ, આ રીતે નકકી થયેલી રકમના સંદર્ભમાં જો જવાબદારી કોઈ વાણિજિયક વ્યવહારમાંથી ઉતપન્ન થતી હોય, તો આવાં વધુ વ્યાજનો દર, દર વર્ષે દર સેકન્ડે ૬ ટકાથી વધુ હોઈ શકે. પણ કરારથી નિર્માણ થયેલા દરથી વધુ ન હોઈ શકે. અથવા જો કરારથી વ્યાજનો દર નિર્માણ થતો ન હોય, તો વાણિજિયક

વ્યવહારોમાં રાષ્ટ્રીયકૃત બેન્કો જે દરથી નાણાનું ધિરાણ કરે છે, તે દરથી વધુ વ્યાજનો દર હોઈ શકે નહી.

*સ્પષ્ટીકરણ – ૧ *** *** ***"*

ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તેમા દાવા દાખલ કર્યા પહેલાથી જયાં સુંધી રકમની વસુલાત ના થાય ત્યાં સુધી વ્યાજનો હુકમ કરવાની સત્તા આપવામાં આવે છે. રેકર્ડ ઉપર આવેલ હકીકતો અને પુરાવાઓને ધ્યાને લેવામાં આવેતો વાદીનાઓ મુદ્દ્લ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે. સદર દાવા કામે વાદી તરફે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૨,૧૩,૪૪૩/- લેવાના હકકદાર બને છે અને દિવાની કાર્યરીતી સંહિતા ની કલમ ૩૪ ની જોગવાઈઓ ધ્યાને લેતાં તથા પ્રર્વતમાન બેકિંગ વ્યાજદરો ધ્યાને લેતાં વાદી, પ્રતિવાદી પાસેથી લહેણી રકમ ઉપર ૬% સાદુ વાર્ષિક વ્યાજ, તા.૦૩/૦૭/૨૦૨૧(જે દિવસથી પૈસા પરત ચુકવવામાં આવેલ ના હોય) થી બાકી લહેણી પડતી રકમ વસુલ આવતા સુધી મેળવવા હકકદાર હોવાનું હું માનુ છું. આમ, ઉપરોકત ચર્ચાના અંતે મુદા નં.૨ નો જવાબ **"હકાર"** માં આપી, મુદા નં.૩ (શું હુકમ અને હુકમનામું) પરત્વે આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

-:: હુકમ ::-

(૧) આ કામના વાદીનો દાવો આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીને, વાદી બેંકની લેણી નીકળતી લોનની રકમ **રૂા.૨,૧૩,૪૪૩/-(અંકે રૂપિયા બે લાખ તેર હજાર ચારસો તેતાલીસ રૂપીયા)**, તા.૦૩/૦૭/૨૦૨૧(જે દિવસથી પૈસા પરત ચુકવવામાં આવેલ ના હોય) થી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ દરે, વાદીનાઓને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં

, સદરહુ રકમ, પ્રતિવાદીઓની જાત અથવા મીલકતમાંથી સંયુકત અને વ્યકિતગત રીતે વસુલ મેળવવા હકકદાર હોવાનું પણ ઠરાવવામાં આવે છે.

(૩) રેકોર્ડ પર આવેલ વિગતો ધ્યાને લેતા પ્રતિવાદીએ પોતાને થયેલ દાવાનો ખર્ચ પોતે ભોગવવો અને વાદીને થયેલ દાવાનો ખર્ચ પ્ર તિવાદીએ ચુકવી આપવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ <u>૨૯મી</u>, માહે જુન, સને <u>૨૦૨૬</u> ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૨૯/૦૬/૨૦૨૬.

(કર્ણ અજીત મારવાહા)
અધિક સિવિલ જજ, જૂનાગઢ.
(GJ-01558)